તમામ પબ્લિક એડ્રેસ સિસ્ટમ/
સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ કરતા
સમયે ધ્વનિ પ્રદૂષણના નિયમોનું
પાલન કરવા બાબત.

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રમાંક: HD/COU/e-file/8/2023/0331/M/P.F

સચિવાલય, ગાંધીનગર

તા.૧૬/૦૬/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦.

(૨) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનાં તા.૦૩/૧૨/૨૦૧૯ ના નોટિફિકેશન નં.GPCB/LGL:NGT: GENERAL: 115(2)/ 528796.

(૩) ગૃહ વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૪નો અને તા.૦૪/૦૫/૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક: HD/COU/e-file/8/2023/0331/M/P.F

**પરિપત્ર:**

૨. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક (૨) ના તા.૦૩/૧૨/૨૦૧૯ ના નોટિફિકેશનથી પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ ના નિયમ ૫(૩) મુજબ સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના વિભાગના તા:૨૧/૦૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રોથી તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓ અને પોલીસ સત્તાવાળાઓને સૂચનાઓ આપવામાં આવેલ છે.

૩. પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ જાહેર કરાયેલ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ નું અસરકારક અમલીકરણ થાય તેમજ ધ્વનિ પ્રદૂષણનું અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી પોલીસ સતાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન,

મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

1. સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના વિભાગના તા:૨૧/૦૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રોનું ચુસ્તપણે અમલીકરણ કરવાનું રહેશે.
2. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા ડી.જે. ટ્રક ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક નિયમાનુસાર પગલાં લેવાના રહેશે.
3. લાઉડ સ્પીકર/કોઈપણ પ્રકારની સાઉન્ડ સિસ્ટમ લગાવેલા કોઈપણ નવા ડી.જે. ટ્રકને અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પરવાનગી આપવાની રહેશે નહિ.
4. હાલમાં ઉપયોગમાં લેવાઈ રહેલા ડી.જે. ટ્રક માટે સંબંધિત સત્તાવાળાની પરવાનગી લેવામાં આવેલ છે કે કેમ તે અંગેની સંબંધિત સત્તાવાળાએ પૂરતી ચકાસણી કરવાની રહેશે તેમજ પરવાનગી વિના ડી.જે. ટ્રક ઉપયોગમાં લેવાતા હોવાની બાબત ધ્યાનમાં આવે તે કિસ્સામાં તાત્કાલિક આવા ડી.જે. ટ્રક જપ્ત કરવાના રહેશે.
5. વિભાગના તા:૨૧/૩/૨૦૨૪ અને તા:૦૪/૦૫/૨૦૨૪ ના પરિપત્રો તેમજ આ પરિપત્રનું ચુસ્તપણે અમલીકરણ કરવામાં જો સંબંધિત સત્તાવાળા નિષ્ફળ રહેશે તો નિષ્કાળજી, શિથિલતા, નિષ્ક્રિયતા ગણી તેની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૫. ઉપરોક્ત સૂચનાઓનું કડકપણે પાલન કરવા પોલીસ સતાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગર પંચાયતો, ગ્રામ પંચાયતો સહિત તમામ લાઈસન્સિંગ સત્તાવાળાઓને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અમિત રાવલ)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

**નકલ રવાના:**

૧. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. અગ્ર સચિવશ્રી,વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.

૩. સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(આપના હસ્તકના ખાતાના વડા/કચેરીઓના વડાઓને ઉક્ત સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાની સૂચના આપવાની વિનંતી સહ)

૪. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

૫. સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ.

૬. સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.

૭. સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.

૮. શાખા સિલેક્ટ ફાઇલ.